ભિલોડામાં એ.ટી.એમ. મશીનો શોભાના ગાંઠીયા સમાન પુરવાર

ભિલોડામાં રાષ્ટ્રીયકૃત બેંકોના મોટા ભાગના એ.ટી.એમ.મશીનો શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યા છે ત્યારે એ.ટી.એમ. કાર્ડ ધારક ગ્રાહકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ભિલોડા ગામના સામાજીક કાર્યકર ભરતભાઈ નિનામાના જણાવ્યા મુજબ નોટબંધી બાદ રાષ્ટ્રીયકૃત બેંકોમાં ગ્રાહકોને સમયસર કેશ મળતી નથી ત્યારે એ.ટી.એમ. મશીનો તો જાણે કે શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યા છે તેમ જણાવ્યું હતું. તાજેતરમાં લગ્નસરાની સિઝનમાં ગ્રાહકો અને વેપારીઓ ભારે મુશ્કેલીઓ સહન કરવાનો વારો આવ્યો હતો ત્યારે હાલના તબક્કે શૈક્ષણિક નવિન સત્રનો શુભારંભ થયો છે ત્યારે વિદ્યાર્થીઓ, વાલીઓને બેંકોના ખાતામાં રૂપિયા હોવા છતાં એ.ટી.એમ. મશીનોમાં બંધ રહેતાં ધરમધક્કા ખાવાનો વારો આવ્યો છે. ભિલોડામાં એ.ટી.એમ.મશીનો વારંવાર ખોટકાતાં અને નો કેશના પાટીયા લટકતા હોવાના કારણે ગ્રાહકો ભારે મુંઝવણમાં મુંકાતા હોય છે. ભિલોડામાં રાષ્ટ્રીયકૃત બેંકોના એ.ટી.એમ.મશીનો રાબેતા મુજબ સત્વરે કાર્યરત કરવા એ.ટી.એમ.કાર્ડધારકોની પ્રબળ લોકમાંગણી છે.

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના ચેરમેનપદે ઘનશ્યામભાઈ અમીન

અમદાવાદ, તા. ૯

ગુજરાત સ્ટેટ કોઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનની તા. ૩૦-૫-૨૦૧૭ના રોજ યોજાયેલ ચૂંટણીમાં ફેડરેશનના સ્થાપક ચેરમેન અને ગુજરાતના જાણીતા સહકારી આગેવાન ઘનશ્યામભાઈ અમીન ફેડરેશનમાં ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી પાંચ વર્ષ માટે સતત પાંચમી વખત બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. ફેડરેશન ગુજરાતની ૫૭૦૦ જેટલી ક્રેડિટ સોસાયટીઓનુ પ્રતિનિધિત્વ કરે છે. ક્રેડિટ સોસાયટીઓના વિવિધ પ્રશ્નોના નિરાકરણ અને વિકાસ માટે ફેડરેશન સતત પ્રયત્નશીલ છે.

ઘનશ્યામભાઈ અમીન હાલમાં એનસીયુઆઈ, ન્યૂદિલ્હીમાં વાઈસ પ્રેસિડેન્ટ અને કો-ઓપરેટિવ બેન્ક ઓફ ઈન્ડિયા, ન્યૂદિલ્હીમાં ચેરમેન તરીકે સેવાઓ પ્રદાન કરી રહ્યા છે.

પાઠ્યપુસ્તકમાં થયેલ છબરડો સુધારવા ખ્રિસ્તી સમુદાયની રજૂઆત

પાઠ્યપુસ્તકોમાં ઈશુખ્રિસ્ત બાબતે છબરડો સર્જાયાના પ્રત્યાઘાત રૂપે આજે ખ્રિસ્તી સમુદાયનું પ્રતિનિધિ મંડળ રજૂઆત માટે આવ્યુ હતુ. આ પ્રતિનિધિમંડળે પાઠ્યપુસ્તક મંડળના ડેપ્યુટી ડાયરેક્ટરને મળીને પગલાં લેવા રજૂઆત કરી હતી. આ સાથે તેમણે દિન-૧૦માં જો યોગ્ય પગલા નહી લેવાય તો તે બાબતના દેશભરમાં પ્રત્યાઘાત પડશે અને તેની જવાબદારી પાઠ્યપુસ્તક મંડળની જવાબદારી રહેશે તેવી ચિમકી પણ ઉચ્ચારી હતી.

ઈ-ગ્રામના હજારો વિલેજ કોમ્પ્યુટર એન્ટ્રોરપીન્ચયોર કર્મીઓને વેતન આપવા માંગ

મોડાસા તા.૯

રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ગ્રામ્ય પંચાયતોમાં છેલ્લા કેટલાક વર્ષોથી વીસીઈ (વિલેજ કોમ્પ્યુટર એન્ટ્રોરપીન્ચયોર) તરીકે પોતાની ફરજ બજાવે છે. તમામ વહીવટી કામગીરી પણ કરે છે. જે પંચાયતમાં વીસીઈ તરીકે કામ સોંપેલું હોય ત્યાં તલાટી ભલે જોવા ન મળે પણ સ્થાનિકોને આ નાનો ઈસીઈનું કામ કરતો માણસ તો અવશ્ય કોમ્પ્યુટર ઉપર કામ કરતો જ જોવા મળે. છતાં આવા સતત લોકોને મદદરૂપ થતા પંચાયતના વીસીની હજુ સરકારે કોઈ જ કદર કરીને એને સારા પોષણક્ષમ એવા વેતનમાં સમાવેલ નથી. ગુજરાત સરકારે તકનીકી માધ્યમથી વહીવટ દ્વારા લોકોના કામો ઝડપી અને સરળ થાય તેવા શુભ હેતુથી વર્ષ ૨૦૦૬થી ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેકટ શરૂ કરતાં આવા રાજ્યમાં ૧૩૫૦૦ જેટલા ઈ-ગ્રામ સેન્ટરો કાર્યરત કર્યા છે જેમાં વીસીઈ વિલેજ કોમ્પ્યુટર એન્ટ્રોરપીન્ચયોરનું પોસ્ટિંગ કર્યું છે.

જેમાં આ વીસીઈ જનતાને જરૂરી દાખલા, પ્રમાણપત્રો, ખેડૂતોને ઓનલાઈન જમીનની વિગતો આપવાની કામગીરી કરી રહયા છે. પરિણામે ગામના છેવાડેના નાનામાં નાના માણસને આ સેવાઓ વીસીઈ માધ્યમ બનીને સંતોષકારક સેવાઓ આપી રહ્યા છે. એમને માત્ર સ્થાનિકો પાસેથી મળતી મામુલી ફી ની રકમમાં જ ગુજારો કરવો પડે છે. પુરા સમયના કાયમી કર્મચારીઓ કરતા પણ વધુ સારું કામ, પૂરો સમય આપીને કરનાર વીસીઈને અન્ય કર્મચારીઓની જેમ સરકારમાં સમાવી વેતન ચૂકવાય તેવી લાંબા સમયની માંગ સ્વીકારવામાં આવે તો ગ્રામ પંચાયતોમાં હજુ પણ વધુ ઉત્સાહથી આ વીસીઈ કામ કરવા ઉત્સુક છે.

ખૂબ પ્રામાણિકતાથી કામ કરી રહેલ ઈ ગ્રામન વીસીઈ સેન્ટરો ઉપરના વીસીઓએ અગાઉ અનેકવાર રેલીઓ, આવેદનપત્રો સાથે કરેલી માંગણીઓ અને રજૂઆતો પછી પણ આ મુદ્દે સરકારે હજુ કઈ હકારાત્મક પ્રતિભાવ આપ્યો નથી. પોતાના ગામમાં એકેક વ્યક્તિનો સંપર્ક ધરાવતા વીસીઈ સરકારની નાની મોટી યોજનાઓનો લાભ છેલ્લામાં છેલ્લા માણસને મળે તેવી ચિંતા પણ કરે છે. જેથી સરકારના કામોનું માધ્યમ બનતા વીસીઈને વેતન બાંધી આપવામાં આવે તો એક સમયે તલાટીઓની પણ ગરજ સારે છે. આજે પણ તલાટી કમ મંત્રીઓના આપવાના દાખલા વગેરે અહીં કોમ્પ્યુટરમાંથી જ નીકળે અને તેની ઉપર તલાટીએ ચકાસણી કરી સહી જ કરવાની રહે છે. આવા કામો પણ કરતા આ વીસીઈને સરકારે તેની જનતા કલ્યાણની કામગીરીના કદરરૂપે પૂર્ણ સમયનું કામ અને એવું જ દામ, વેતન મળે તેની અપેક્ષા રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નિતીનભાઈ પટેલ સમક્ષ રાખી રહ્યા છે.

મોડાસામાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા મફત છાશ વિતરણ

મોડાસા શહેરમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ શહેરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ પાસેથી પ્રેરણા લઈ મોડાસા આઈટીઆઈ નજીક ગુરૂવારે કાળઝાળ ગરમીથી રાહદારીઓ અને આઈટીઆઈમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રાહત મળે તે માટે તેમની બચાવેલી પોકેટમનીમાંથી 'પેન્થલ' નામનુ ગ્રુપ બનાવી મફત છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યુ હતુ. મફત છાશ વિતરણ કરાતા અહીંથી પસાર થતા રાહદારીઓએ અને વાહનચાલકોએ ઠંડી છાશ પી હાશકારો અનુભવ્યો હતો અને વિદ્યાર્થીઓની સેવાકીય પ્રવૃત્તિની સરાહના કરતા નજરે ચડતા હતા.

દેવો કે દેવ મહાદેવ, સિયા કે રામ, ચંદ્રકાન્તા જેવી સિરિયલોના મેકર્સ દ્વારા

પાટનગરમાં અત્યાધુનિક VFX અને એનિમેશન સ્કુલનો પ્રારંભ

જાણીતા ટીવી કલાકારો કરણવીર બોહરા, ગૌતમ રોડે, નિખિલસિંહાની ઉપસ્થિતિ : કોર્ષ બાદ બે વર્ષની ગેરેન્ટેડ જોબ

ગાંધીનગર, તા.૯

એજ્યુકેશન હબ બની રહેલા ગાંધીનગર શહેરમાં આધુનિક ટેકનોલોજી સાથેની એનિમેશન સ્કુલનો આજે દબદબાભેર પ્રારંભ થયો છે. ન્યુ ગાંધીનગરમાં ઈન્ફોસીટી નજીક કુડાસણમાં રાધે સ્કવેર ખાતે જાણીતા ટીવી સિરિયલ કલાકારો કરણવીર બોહરા, ગૌતમ રોડે અને નિખિલ સિંહાની ઉપસ્થિતિમાં VFX કોર્ષ માટેની આ સૌ પ્રથમ અત્યાધુનિક ઈન્સ્ટિટયૂટ **Vertex School of Visual Effects and Animation** ને ખુલ્લી મુકવામાં આવી હતી.

બોલીવુડની સાથોસાથ આજે વિવિધ ચેનલો પરથી પ્રસારિત થતી ટીવી સિરિયલ્સ પણ ઘણી લોકપ્રિય બની રહી છે. નાના-મોટા બંને સ્ક્રીન પર સ્પેશિયલ ઈફેકટસ સાથેના દૃશ્યો પણ અનિવાર્ય બન્યા છે. વિઝ્યુઅલ ઈફેકટસ અને એનિમેશનને કારણે સ્ટોરીમાં અત્યંત જરૂરી એવા મોટાભાગના મોંઘાદાટ લોકેશન, અદભુત ટ્રીકસના દૃશ્યો સહિતના વિઝ્યુઅલ નિર્માણખર્ચને પહોંચી વળાય એવા હોઈ VFX અને **Animation** ની માંગ ખુબ વધી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને જાણિતી સિરિયલો દેવો કે દેવ મહાદેવ, ચંદ્રકાન્તા, સિયા કે રામ સહિત અનેક સિરિયલો અને ઈવેન્ટસમાં એનિમેશનનો અદભુત પ્રસ્તુતિ કરનાર મુંબઈની આ ક્ષેત્રની જાણીતી કંપની **Vertex Volt** દ્વારા ગાંધીનગર શહેરમાં સૌ પ્રથમવાર **Vertex School of Visual Effects and Animation** ની શરૂઆત કરવામાં આવી રહી છે. કંપનીના સંચાલકો હાર્દિક ગજજર, નિખિલ સિંહા, પાર્થ ગજજર અને કપિલ ચૌધરીના જણાવ્યા મુજબ આ સંસ્થામાં બેસ્ટ ઈન્ડસ્ટ્રી પ્રોફેશનલ્સ દ્વારા ૬ જેટલા પ્રોફેશનલ કોર્સીસની સઘન તાલીમ શિક્ષણ અપાશે આ તજજ્ઞોમાં દેવો કે દેવ મહાદેવ, સિયા કે રામ, ચંદ્રકાન્તા જેવી સિરિયલમાં VFX-**Animation** નું કામ કરનાર પ્રોફેશનલ્સનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે સસ્તી ફી સાથે થતા કોર્ષ બાદ ૨૪ મહિનાની ગેરેન્ટેડ જોબ સાથેની આ ગાંધીનગરની પ્રથમ ઈન્સ્ટિટયુટ બની રહેશે. સંસ્થાના ઉદઘાટક પ્રસંગે ખાસ આંમત્રિત કરીકે પધારેલા ટીવી કલાકારો કરણવીર બોહરા, ગૌતમ રોડે અને નિખિલ સિંહા સહિતના મહેમાનો-મહાનુભાવોએ **Vertex Volt** ના સંચાલકોને બિરદાવી શુભેચ્છા પાઠવતાં નવી પેઢીને સમય સાથે તાલ મિલાવી VFX-**Animation** ના ક્ષેત્રે આગળ વધવા અનુરોધ કર્યો હતો.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ દ્વારા ખેડૂતોમાં ગુજારેલ દમન વિરોધમાં પ્રદર્શન

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શુક્રવારે બપોરે મધ્યપ્રદેશમાં આંદોલનકારી ખેડૂતો પર થયેલા અત્યાચારના વિરોધમાં અને ખેડૂતોના ગોળીબારમાં મોત નિપજતા મોડાસા શહેર ચાર રસ્તા નજીક મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસીંહ ચૌહાણના પુતળાનુ દહન અને વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યુ હતુ. ચાર રસ્તા નજીક કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા પૂતળાનુ દહન કરવામાં આવે તે પહેલા પોલીસતંત્ર દ્વારા પુતળુ ખુંચવી લઈ પુતળાદહન કાર્યક્રમની હવા કાઢી નાખી હતી. જેથી કોંગ્રેસી કાર્યકરોએ કેન્દ્ર સરકાર અને નરેન્દ્ર મોદી વિરૂદ્ધ ખેડૂત વિરોધી એ સરકાર નહી ચલેગીના નારાઓ ઉચ્ચારી વિરોધ દર્શાવ્યો હતો. મોડાસા પોલીસે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર સહિતના કાર્યકરોની અટકાયત કરી ટાઉન પોલીસ સ્ટેશને લઈ જઈ છોડી મુકાયા હતા. ભાજપને સત્તામાંથી ઉખાડવાની ધમકી ઉચ્ચારી હતી.

ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સી. બી. એસ. સી. સ્કુલ ઝળકી

ભિલોડા,તા.૮

અરવલ્લીની ગીરીમાળાઓની વચ્ચે આવેલી ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સી.બી.એસ.સી. સ્કુલ છેલ્લા ચાર વર્ષથી ૧૦૦ ટકા પરીણામ મેળવી રહી છે. માર્ચ ૨૦૧૭ માં લેવાયેલ ધોરણ.૧૦ બોર્ડની પરીક્ષામાં અક્ષર ઈન્ટરનેશનલ સી. બી. એસ. સી. સ્કુલનું ૧૦૦ ટકા પરીણામ આવતાં સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીભાઈ બારોટ, કેમ્પસ ડાયરેક્ટર દેવાંગભાઈ બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ,પ્રિન્સિપાલ આર. એસ. ચૌહાણ, વાલીઓએ વિદ્યાર્થીઓને જ્વલંત સફળતા બદલ બિરદાવ્યા હતા.

હાલીસાના નયનભાઈ ચૌધરી ગુમ થયા

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના હાલીસા ગામના વનતી નયનભાઈ ભેમાભાઈ ચૌધરી, ઉ.વ. ૨૨ રહેવાસી ધણપ, તા.જી. ગાંધીનગર

તા. ૨જી જુનથી ગુમ થયેલ છે. ઘરેથી રોયલ એન્ફીડલ બુલેટ જીજે ૦૯ સી.આર. ૮૧૬૭ લઈને ગયેલ છે. સફેદ કલરનો ટી શર્ટ અને બદામી કલરનું જીન્સનું પેન્ટ પહેરેલ છે. રંગે ઘઉં વર્ણો શરીરે મજબુત બાંધાના માથું ગોળ છે. જેની ઉંચાઈ ૫.૮ ઈંચ છે. અંગ્રેજી, હિન્દી, ગુજરાતી ભાષાના જાણકાર છે તેમ ચિલોડા પોલિસ સ્ટેશનના ઈન્સ્પેકટરે જણાવેલ છે.

સોનાસણ બીટ જુથ કેન્દ્ર શાળામાં કન્યા કેળવણી મહોત્સવ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ખાતે આવેલ સોનાસણ બીટ જુથ કેન્દ્ર શાળા ખાતે શુક્રવારના રોજ શાળા કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ યોજાયો હતો. સોનાસણ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો જેમાં ગુજરાત રાજય સચિવ તથા તાલુકા મહિલા પ્રમુખ દક્ષાબેન દ્વારા શાળામાં તથા આંગણવાડીમાં પ્રવેશ લઈ રહેલ બાળકોને શાળા પ્રવેશ આપ્યો હતો જ્યારે આ પ્રસંગે એશીયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપનીનાં સી.એફો કાલીદાસભાઈ પટેલ, ડાયરેક્ટર વિપુલભાઈ પટેલ, નિકુલભાઈ ખંભાતી, કુણાલભાઈ, વિપુલભાઈ સહિત ગામજનો શાળાનાં આચાર્ય સહિત શાળા પરિવાર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો જ્યારે એશીયન ગ્રેનીટો ઈન્ડીયા કંપની દ્વારા શાળાના બાળકોને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું વધારે ચોપડાંઓનું વિતરણ કરવામાં આવ્યું છે અને કંપની દ્વારા જરૂરીયાત વિધાર્થીઓને પણ દત્તક લેવામાં આવ્યાં છે જ્યારે શાળામાં આર્યોવેદિક વૃક્ષોનુ વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો. સોનાસણ, દલપુર, કાટવાડ, સેજીપુરા સહિતની શાળાઓમાં ૫૦,૦૦૦થી

ચર્ચા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. બેઠકમાં બન્ને દેશોના અનેક અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. અત્રે નોંધનીય છે કે મોદી અને ઝિંગપિંગ વચ્ચે આઠ મહિનાના લાંબા ગાળા બાદ આ કોઈ પ્રથમ સત્તાવાર બેઠક થઈ છે. મોદીએ આ મુલાકાતને સારી તક તરીકે ગણાવી હતી. તેમણે કહ્યુ હતુ કે અમને ખુશી છે કે મુલાકાતની તક મળી છે. બન્ને દેશોના લોકો અને ખાસ કરીને યુવા વર્ગ ભવિષ્યને લઈને આશાવાદી વિચારધારા ધરાવે છે. તેની હકારાત્મક અસર થઈ રહી છે. ભારત અને ચીન વચ્ચે એનએસજીમાં સભ્યપદ, ચીન પાકિસ્તાન આર્થિક સંબંધો અને, પાકિસ્તાની ત્રાસવાદી મસુદ અઝહર, તિબેટના ધર્મગુરૂ દલાઈ લામા અને અરૂણાચલ પ્રદેશના મુદ્દાને લઈને મતભેદો રહ્યા છે. આ મતભેદોના મુદ્દા પર ભારત અને ચીન વચ્ચે કેટલીક વખત સામ સામે આક્ષેપબાજી પણ થઈ છે. ભારતે ચીનમાં આયોજિત વન બેલ્ટ વન રોડ કોન્ફરન્સનો બહિષ્કાર કર્યા બાદ મોદી અને ઝિંગપિંગ વચ્ચે આ વાતચીત થઈ છે. બન્ને વચ્ચેની બેઠકમાં અનેક મુદ્દા છવાયા હતા. ભારતના એનએસજી સભ્યપદન લઈને ચીન સાથે ગંભીર મતભેદો રહ્યા છે. બેઠકમાં મોદી દ્વારા આ મુદ્દા ઉઠાવાયા હોવાના હેવાલ મળી રહ્યા છે.

રિટર્ન ભરી શકાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાના આદેશના આધારને સ્વૈચ્છિક રાખવા માટે કહ્યું હતું પરંતુ સરકાર આ આદેશને ઓછા કરવામાં લાગેલી છે. અરજીદારોએ એવી દલીલ પણ કરી હતી કે, સુપ્રીમ કોર્ટના આદેશની પવિત્રતાને જાળવવાની જરૂર છે. સરકાર તેને કોઈપણરીતે નજરઅંદાજ કરી શકે નહીં. જો આવું કરવામાં નહીં આવે તો એક ખોટી પરંપરા શરૂ થઈ જશે. હાલમાં સુપ્રીમ કોર્ટે પેન કાર્ડ અને ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરવા માટે આધારને ફરજિયાત કરવાની સામે દાખલ કરવામાં આવેલી અરજી ઉપર ચોથી મેના દિવસે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. અરજી કરનારના વકીલ અરવિંદ દત્તારે દલીલ આપી હતી કે, ૨૦૧૫માં સુપ્રીમ કોર્ટના ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે, આધાર સંપૂર્ણપણે સ્વૈચ્છિક રહેશે. અલબત્ત સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચમાં આ મુદ્દો પેન્ડિંગ છે. આધાર માટે લેવામાં આવેલી માહિતી લાઈફ એન્ડ લીબર્ટીના અધિકારનો ભંગ છે કે કેમ તે બાબત પણ મહત્વપૂર્ણ છે. સુપ્રીમ કોર્ટે આજે પેન, આઈટીઆર દાખલ કરવા માટે આધારને ફરજિયાત કરવા સાથે સંબંધિત કાયદાની કાયદેસરતાને યોગ્ય ઠેરવી હતી. સુપ્રીમ કોર્ટે પર્માનેન્ટ એકાઉન્ટ નંબર સાથે આધાર નંબરને લિંક કરવાની બાબતને ફરજિયાત કરવા ઈન્કમટેક્સ એક્ટમાં નવી ઉમેરવામાં આવેલી જોગવાઈને યોગ્ય ઠેરવી હતી. જસ્ટિસ એકે સિક્રી અને જસ્ટિસ અશોક ભૂષણની બનેલી બેંચે કહ્યું હતું કે, જે લોકો પાસે આધાર નંબર આવી ગયા છે તે લોકો પેન સાથે તેને લિંક કરી શકે છે પરંતુ જે લોકો પાસે આધાર કાર્ડ નથી તેવા લોકોના કેસમાં તેને ફરજ પાડી શકાય નહીં.

'આપ'ના સંકેતો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેજરીવાલને ગુજરાતની તમામ ૧૮૨ બેઠકો માટેની વિસ્તૃત માહિતી આપી હતી. સુત્રોના કહેવા મુજબ લાંબી ચર્ચા બાદ એવો નિર્ણય કરવામાં આવ્યો હતો કે હાલમાં ગુજરાતમાં ચૂંટણી લડવા માટેની ઉતાવળ કરવી જોઈએ નહી. જો કે અંતિમ નિર્ણય પાર્ટીની રાજકીય બાબતોની સમિતી દ્વારા લેવામાં આવનાર છે. ગુજરાતમાંથી આવેલા આમ આદમી પાર્ટીના ૧૫ નેતા સાથે પાર્ટી નેતા ગોપાલ રાય, આશીશ ખેતાન, આશુતોષ દ્વારા બેઠક યોજવામાં આવી હતી. સુત્રોના કહેવા મુજબ થોડાક સમય સુધી બેઠકમાં કેજરીવાલ પણ હાજર રહ્યા હતા. કેજરીવાલે ગુજરાતના નેતાઓને કહ્યુ હતુ કે પંજાબ અને ગોવાથી પહેલાની સ્થિતી અલગ હતી અને સ્થિતી બદલાઈ ગઈ છે. જો ગુજરાત યુનિટના નેતાઓને લાગે છે કે ગુજરાતમાં આમ આદમી પાર્ટીની સરકાર બની શકે છે તો જ ચૂંટણી લડવી જોઈએ. ગુજરાતના એક નેતાએ કહ્યુ હતુ કે અમે ગુજરાતમાં કામ કરી રહ્યા છીએ તો લાગે છે કે અમે ચૂંટણી લડવા માટે તૈયાર છીએ પરંતુ જ્યારે એક તટસ્થ નિરીક્ષક તરીકે નિહાળીએ છીએ ત્યારે લાગે છે કે ગુજરાતમાં ઘણુ કામ બાકી છે. હાલમાં નાણાંકીય સ્થિતી પણ મજબુત નથી. હાલમાં સંગઠન ઉભા કરવા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. અંતિમ નિર્ણય ટુંક સમયમાં થઇ શકે છે. આગામી દિવસોમાં વધુ મહેનત કરવામાં આવશે પરંતુ ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આમ આદમી પાર્ટી લડે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. હાલમાં એક પછી એક હારનો સામનો આમ આદમી પાર્ટીને કરવો પડ્યો છે.

સસ્તી બનાવી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવાસની ખરીદી કરવા ઇચ્છુક લોકો આગળ આવશે અને પોતાના ઘરના સપનાને પૂર્ણ કરવા પ્રયાસ કરી શકે છે. કસ્ટમરોના હિતમાં આગળ વધવા માટે એસબીઆઈ હંમેશા સજ્જ રહે છે. આ દિશામાં આજે એસબીઆઈએ ૭૫ લાખથી ઉપરની હોમ લોનના વ્યાજદરમાં ૧૦ બેઝિક પોઇન્ટનો ઘટાડો કર્યો હતો. એસબીઆઈની સાથે સાથે એચડીએફસી બેંકે પણ અગાઉ ઘટાડો કર્યો હતો. એસબીઆઈ દ્વારા હોમલોનના સંદર્ભમાં નિયમો હળવા કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ એસબીઆઈએ વ્યાજદરમાં ઘટાડો કરવાની જાહેરાત કરીને એક નવી સ્પર્ધા જગાવી હતી. ત્યારબાદ અન્ય બેંકો દ્વારા પણ લોન સસ્તી કરવાનો નિર્ણય કરાયો હતો. એસબીઆઈ બાદ અન્ય બેંકોએ પણ હોમ લોન માટેના વ્યાજદરમાં ઘટાડો કર્યો હતો જેથી લાખોની સંખ્યામાં લોકો ધિરાણ લેવા માટે આગળ આવ્યા હતા.